જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૧૯ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૩/૧૯

**સોલા હાઇકોર્ટ** : કૌશીકભાઇ કાન્તીભાઇ દરજી (રહે.ઉમીયા બંગલોઝ સાયન્સ સીટી સોલા) એ તા.૨૦/૦૧/૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૭/૧૮ થી તા.૨૯/૯/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હેમાંશુભાઇ ઉર્ફે રાકેશ પુડીકર હાથી (ઉ.વ.૫૩)(રહે.ઓફિસ નં-૨ શિવાલીક પ્લાઝા એસ.જી.રોડ) એ અલગ-અલગ ૯ ટીકીટના તેમજ પેકેજના મળી કુલ રૂપિયા ૪,૪૭,૭૬૪/- ચુકવેલ હોવા છતા, કૌશીકભાઇની ટીકીટ કેંસલ કરાવી, ટીકીટના પૈસા પરત મેળવી લઇ, કૌશીકભાઇને ટીકીટ- પેકેજ કે તે પૈકી ચુકવેલ રૂપીયા પરત નહી ચુકવી કૌશીકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**નારણપુરા** : ડાહીબહેન વા/ઓ વિશાલભાઈ પ્રજાપતી (ઉ.વ.૭૫)(રહે.વિવેકનગર વિજયનગર રેલ્વે ક્રોસીંગ પાસે નારણપુરા)એ તા.૨૦/૦૧/૧૯ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૧૯ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બે અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના  આશરાના) એ ભેગામળી પોતાની ઓળખ સેલ્સમેન તરીકે આપી, સોના-ચાંદીના દાગીના ધોઇ આપવાનુ કહી ડાહીબહેનની (૧) સોના ની કંઠી કિંમત રૂપિયા ૫૨,૫૦૦/- (૨) સોનાની મગમાળા કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-(૩) એક જોડી સોનાની બુટ્ટી તથા એક સોનાની ચુની અને એક સોનાની વિંટી કુલ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૫૦૦/- મતાના દાગીના મેળવી લઇ નાસી જઇ ડાહીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**સાયબર ક્રાઈમ** : જયેશભાઈ મૂળજીભાઈ પરમાર (ઉ.વ.૨૪)(રહે. શીવલાલ ખ્રિસ્તી ની ચાલી અમૃતનગર સોસાયટી ગલી નંબર-૧ ની સામે બહેરામપુરા) એ તા.૨૦/૦૧/૧૯ રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૮/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ફોન કરનાર પૂજા અને (૨) રોહીત ગોગીયા (૩) વિજયા બેન્કના ચેક ના ધારક (૪)પી.એન.બી.બેન્કના ચેક ના ધારકે ભેગામળી જયેશભાઇને ફોન કરી રૂપિયા ૯,૦૦,૦૦૦/- ની લોન આપવાના બહાને વિશ્વાસમાં લઈ લોન ઈન્સ્યોરન્સના ડીપોઝીટ ની સીકયુરીટી પેટે, ફાઈનલ એન્ટ્રી પેટે એમ જુદા જુદા બહાને કુલ રૂપિયા ૨,૨૨,૮૦૦/-મેળવી લઈ, કોઇ રૂપિયા પરત નહી કરી, જયેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.